### પાકનું સર્વેક્ષણ કરી અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક સહાય આપવા સરકાર સમક્ષ રજૂઆત કરાશે

# વરસાદ ખેંચાતા પાદરા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે આજે ટ્રેક્ટર રેલી

**મોભા,** ચોકારી, વડુ, મુવાલ સહિતના ગામોમાંથી ટ્રેક્ટર રેલી યોજી આવેદનપત્ર અપાશે

(પ્રતિનિધિ) પાદરા, તા.9

ખેડૂતોને પાક સહાય આપવાની માંગ સાથે કોંગ્રેસ દ્વારા તાલુકાના વિવિધ ગામોમાંથી ટ્રેક્ટર રેલી યોજાશે. પાદરા તાલુકામાં ચોમાસા દરમિયાન વરસાદ ખેંચાતા વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતોના પાક પર સંકટ ઊભું થયું હોવાના આક્ષેપ સાથે તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતોને પાક સહાય આપવાની માંગ ઉઠી છે. આ મુદ્દે આવેદનપત્ર આપવા માટે પાદરા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. 10 સપ્ટેમ્બર, ગુરુવારના રોજ બપોરે 1 વાગ્યે ટ્રેક્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આયોજકોના જણાવ્યા મુજબ રાજ્યમાં પૂરતો વરસાદ ન પડવાના કારણે ચોમાસામાં વરસાદ આધારિત વાવેતર કરાયેલા પાકો નષ્ટ થવાના આરે છે. પાદરા તાલુકાના ખેડૂતોની સ્થિતિ પણ કફોડી બની રહી છે ત્યારે સરકાર ખેડૂતોની મદદ માટે આગળ આવે અને તાત્કાલિક પાક સહાય જાહેર કરે તેવી માંગ કરવામાં આવી છે.

ટ્રેક્ટર રેલીમાં પાદરા તાલુકાના વિવિધ ગામોમાંથી ખેડૂતો અને કાર્યકરો ટ્રેક્ટર સાથે જોડાશે. રેલી માટે મોભા, ચોકારી, વડુ, મુવાલ, ડભાસા, ગણપતપુરા અને મુજપુર સહિતના વિસ્તારોમાંથી ખેડૂતોને જોડાવા અપીલ કરવામાં આવી છે.

આયોજિત કાર્યક્રમ મુજબ મોભા-ચોકારી-વડુ-મુવાલ તરફથી આવનાર રેલી મુવાલ ખાતે રાજનગર હ્યુન્ડાઈ શોરૂમ પાસે એકત્રિત થશે. જ્યારે ડભાસા-ગણપતપુરા-મુજપુર તરફથી આવનાર રેલી જિલ્લા પંચાયતના સ્થળે થઈ મહૂવડ ખાતે જશપાલસિંહની ઓફિસે બપોરે 1:30 વાગ્યે એકત્રિત થવાની રહેશે.

આ પ્રસંગે પાદરા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા, વરસાદના અભાવે નુકસાન પામેલા પાકનું સર્વેક્ષણ કરાવવા તથા અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય પાક સહાય અને સરકારી રાહત આપવા અંગે આવેદનપત્ર આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં પાદરાના પૂર્વ ધારાસભ્ય જશપાલસિંહ પઢિયાર (બાપુ), પાદરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હાર્દિક પટેલ (ભલાભાઈ) અને પાદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તથા વકીલ હિતેન્દ્રસિંહ પરમાર સહિત કોંગ્રેસના આગેવાનો અને ખેડૂતો ઉપસ્થિત રહેવાના છે.

આયોજકો દ્વારા પાદરા તાલુકાના ખેડૂતોને વધુમાં વધુ સંખ્યામાં ટ્રેક્ટર સાથે રેલીમાં જોડાઈ ખેડૂતોના હિત માટેના આ આંદોલનને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે.

## વરસાદ ખેંચાતા ઉભા પાક બચાવવા કૃષિ વિભાગની ખાસ સલાહ

**જમીનમાં** ભેજ જાળવી રાખવા અને પાક રક્ષણ માટે ખેડૂતોને કટોકટીના સમયમાં અગત્યના પગલાં લેવા અનુરોધ

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (ખેતી નિયામકની કચેરી) દ્વારા વરસાદ ખેંચાવાની સ્થિતિમાં ઉભા પાકને રક્ષણ આપવા અને જમીનમાં ભેજ જાળવી રાખવા માટે ખેડૂતો માટે ખાસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જ્યારે ઉભા પાકમાં વરસાદના અભાવે જમીનમાં ભેજની ખેંચ ઊભી થાય, ત્યારે ખેડૂતોને પાકના બચાવ અર્થે નીચે મુજબના અગત્યના પગલાં લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

(૧) આંતર-ખેડ અને નીંદણ નિયંત્રણઃ જમીન અને પાકની અવસ્થા મુજબ સમયસર આંતર-ખેડ કરવી. નીંદણ દૂર કરવાથી જમીનનો ભેજ અને પોષક તત્વો મુખ્ય પાકને પૂરતા પ્રમાણમાં મળી રહે છે. (૨) મલ્ચિંગ (ભેજ સંરક્ષણ): બે ચાસ વચ્ચે સૂકું ઘાસ, પાંદડા કે પ્લાસ્ટિકનું મલ્ચિંગ કરવું. આનાથી જમીનમાંથી પાણીનું બાષ્પીભવન અટકે છે અને ભેજ લાંબો સમય ટકી રહે છે. (૩) સૂક્ષ્મ પિયત પદ્ધતિનો ઉપયોગઃ મર્યાદિત પાણી હોય ત્યારે ધોરિયા પદ્ધતિને બદલે ટપક કે ફુવારા પદ્ધતિ અપનાવવી, જેથી પાણીનો મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ થાય. (૪)પાકની કટોકટીની અવસ્થાએ પિયતઃ પાકની કટોકટીની અવસ્થા (જેમ કે ફૂલ આવવાની કે દાણા ભરાવાની અવસ્થા) દરમિયાન ખાસ પિયત આપવું. પાણી ખૂબ જ ઓછું હોય તો એકાંતર ચાસે (એક ચાસ મૂકીને એક ચાસમાં) પિયત આપવું. (૫) પોષક તત્વોનો છંટકાવઃ ભેજની અછત સામે છોડને ટકાવી રાખવા માટે ૧% થી ૨% યુરિયા અથવા પોટેશિયમ નાઈટ્રેટ (13:0:45) ના દ્રાવણનો પાક પર છંટકાવ કરવો. આનાથી છોડની રોગપ્રતિકારક શક્તિ અને તણાવ સહન કરવાની ક્ષમતા વધે છે. (૬)પાકની પારવણીઃ જમીનમાં ભેજ ખૂબ ઓછો હોય ત્યારે વધારાના અને નબળા છોડ ઉપાડીને પારવણી કરવી, જેથી બાકીના છોડને પૂરતો ભેજ મળી રહે. (૭) સમયસર કાપણીઃ પાક પરિપક્વતાની અવસ્થાએ પહોંચે ત્યારે વિલંબ કર્યા વગર સમયસર કાપણી કરી લેવી.

આ અંગે વધુ માર્ગદર્શન મેળવવા માટે ખેડૂતોએ પોતાના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી - વડોદરા, નાયબ ખેતી નિયામક (તાલીમ) - વડોદરા, KVK અથવા કિસાન કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ પર સંપર્ક કરવો.

## સંક્ષિપ્ત સમાચાર

### ક્વાંટમાં ખાનગી તબીબો માટે ટીબી અંગે CME સેમિનાર યોજાયો




**ક્વાંટ** : છોટાઉદેપુર જિલ્લા આરોગ્ય શાખા અને જિલ્લા ક્ષય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ખાનગી તબીબો માટે 'કન્ટીન્યુઈંગ મેડિકલ એજ્યુકેશન' (CME) સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પાઉલ વસાવા ના માર્ગદર્શન હેઠળ આયોજિત ખાનગી તબીબો માટે ના સેમીનાર માં જિલ્લા ક્ષય અધિકારી ડો.ભરતસિંહ ચૌહાણ, RCHO ડો. મુકેશ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડો પરવેઝ પઠાન તેમજ IMA ક્વાંટ તાલુકાના પ્રમુખ ડો. કે. સી. પરમાર સહિત 30 થી વધુ ખાનગી તબીબો ઉપસ્થિત રહ્યા હતા. યોજાયેલ વર્કશોપ માં ટીબી રોગના દર્દીઓ નુ વહેલું નિદાન અને સારવાર સમયસર ની સારવાર થાય અને દર્દીને આધુનિક ચિકિત્સા પદ્ધતિનો લાભ મળે તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### બોડેલીની ખત્રી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓની આંખો-આરોગ્યની તપાસ



**બોડેલી** : બોડેલી તાલુકા આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયા અંતર્ગત ખત્રી વિદ્યાલય, બોડેલી ખાતે વિદ્યાર્થીઓની આરોગ્ય તથા આંખોની તપાસ કરવામાં આવી હતી. તા. 25 ઓગસ્ટથી 8 સપ્ટેમ્બર દરમિયાન યોજાતા રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયા અંતર્ગત વિવિધ જનજાગૃતિ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ખત્રી વિદ્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડો. શિલ્પાબેન રાઠવા, ડો. મેહુલ રાઠવા (RBSK) તથા આંખના નિષ્ણાત ડો. જોલીબેન મેકવાન ઉપસ્થિત રહ્યા હતા. તબીબી ટીમે વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરી હતી તેમજ આંખોને સ્વસ્થ રાખવા માટે જરૂરી કાળજી, સ્વચ્છતા, મોબાઇલ અને સ્ક્રીનના યોગ્ય ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું.આંખોમાં કોઈ તકલીફ જણાય તો સમયસર નિષ્ણાતની સલાહ લેવાના મહત્વ વિશે પણ વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. આ સાથે વિદ્યાર્થીઓની સામાન્ય આરોગ્ય તપાસ કરી આંખોના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. ચક્ષુદાનના મહત્વ અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરી પખવાડિયાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### ગુરુવંદનાની અનોખી અભિવ્યક્તિ - ડી.બી. પારેખ સ્કૂલમાં ૧૯૦થી વધુ વિદ્યાર્થીઓ બન્યા એક દિવસના શિક્ષક



**સંખેડા** : ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા શિક્ષક દિનના પાવન અવસરે ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા ખાતે ગુરુવંદનાનું એક અનોખું ઉદાહરણ જોવા મળ્યું. શાળા દ્વારા શિક્ષક દિનની ઉજવણી એક નવીન અભિગમ સાથે કરવામાં આવી હતી. જેમાં બાલવાટિકાથી ધોરણ-12 સુધીના 190થી વધુ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા ભજવી સમગ્ર શાળાના શિક્ષણ કાર્યનો કારભાર સંભાળ્યો હતો. વિદ્યાર્થી શિક્ષકોએ બ્લેકબોર્ડ પર વિવિધ વિષયોના પાઠ ભણાવી, ગૃહકાર્ય આપી શિક્ષકના કાર્યની સાચી મહત્તા અને જવાબદારીનો અનુભવ કર્યો હતો. એક દિવસ માટે શિક્ષક બનવાનો આ અનોખો અનુભવ વિદ્યાર્થીઓ માટે જીવનભરનું યાદગાર સંભારણું બની રહ્યો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સભાથી કરવામાં આવી હતી. જ્યાં વિદ્યાર્થીઓએ શિક્ષકના જીવનમાં રહેલા અમૂલ્ય યોગદાન અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. પ્રેરણાત્મક વક્તવ્યો અને સંદેશાઓથી સમગ્ર શાળા પરિસર ગુરુવંદનાના ભાવથી ગુંજી ઉઠ્યું હતું.

### અમેરિકાવાસી મહેશકુમાર શાહના ૬૦ હજાર ડોલરના યોગદાનથી જેતપુરપાવીમાં અટલવાડીનું નિર્માણ



**જેતપુરપાવી** : ગુજરાત રાજ્યની પ્રથમ વતનપ્રેમ યોજના અંતર્ગત જેતપુરપાવી ખાતે લોકભાગીદારીથી નિર્માણ થનાર 'રશ્મી એન્ડ મહેશ શાહ અટલવાડી'નું જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમારના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેતપુરપાવી ગામના વતનપ્રેમી અને હાલ અમેરિકા નિવાસી મહેશકુમાર રમણલાલ શાહ દ્વારા વતનપ્રેમ યોજના અંતર્ગત 60 હજાર અમેરિકન ડોલરનું યોગદાન આપવામાં આવ્યું છે. આ લોકભાગીદારી થકી શહેરના જયસ્વાલ ચાલી વિસ્તારમાં નવી પંચાયત કચેરી નજીક 'રશ્મી એન્ડ મહેશ શાહ અટલવાડી'નું નિર્માણ કરવામાં આવશે. ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. વતનપ્રેમી મહેશકુમાર શાહ દ્વારા પોતાના વતનના વિકાસ માટે કરવામાં આવેલા આ યોગદાનને લઈને નગરજનોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. અટલવાડીનું નિર્માણ પૂર્ણ થયા બાદ શહેરના લોકોને સામાજિક, સાંસ્કૃતિક તેમજ વિવિધ જાહેર કાર્યક્રમો માટે વધુ એક સુવિધા ઉપલબ્ધ થશે.

### વડુ નજીક ટ્રકની અડફેટે બાઈક સવારને ગંભીર ઈજા

(પ્રતિનિધિ) પાદરા, તા. 9

પાદરા-જંબુસર હાઈવે પર વડુ ગામના અંધારીપુરા પાસે રીવુલીસ કંપની નજીક ટ્રકની અડફેટે બાઈક સવારને ગંભીર ઈજા પહોંચતા વડુ પોલીસ સ્ટેશનમાં ટ્રક ચાલક સામે ગુનો નોંધાયો છે. મળતી માહિતી મુજબ પાદરા તાલુકાના તિથોર ગામે રહેતા રમેશભાઈ અંબાલાલ માછી (ઉં.વ. 29) મુજપુર ગામે આવેલી સાનપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાં નોકરી માટે પોતાની હીરો પેશન પ્લસ મોટરસાઈકલ પર જતા હતા. વડુ ગામના અંધારીપુરા પાસે પાદરા-જંબુસર હાઈવે પર રીવુલીસ કંપની નજીક પહોંચ્યા હતા. તે સમયે રીવુલીસ કંપનીમાંથી એક ટ્રક નો ચાલક કથિત રીતે સિંગનલ લાઈટ આપ્યા વગર તથા કંડક્ટર વગર ટ્રકને ભયજનક અને ગફલતભરી રીતે રિવર્સમાં હંકારી રહ્યો હતો.

## પાદરામાં ગણેશોત્સવને લઈ પોલીસની શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**"ઉત્સવ** ભક્તિનો, સંકલ્પ શાંતિનો" સાથે ભક્તિમય, શિસ્તબદ્ધ અને સૌહાર્દપૂર્ણ ઉજવણીની અપીલ

(પ્રતિનિધિ) પાદરા, તા. 9

આગામી શ્રી ગણેશોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગણેશ મહોત્સવ ભક્તિમય, શાંતિપૂર્ણ, શિસ્તબદ્ધ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે માટે વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે પાદરાના પ્રમુખ સ્વામી ટાઉન હોલ ખાતે કરજણ ડિવિઝન હેઠળના પાંચ પોલીસ સ્ટેશન વિસ્તારના ગણેશ મંડળોના આયોજકો, ડીજે માલિકો-ઓપરેટરો, આગેવાનો તથા સંબંધિત પ્રતિનિધિઓ સાથે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

વડોદરા ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કરજણ ડિવિઝન હેઠળ આવતા પાદરા, વડુ, કરજણ, વલણ અને વરણામા પોલીસ સ્ટેશન વિસ્તારના ગણેશ મંડળોના આયોજકો તથા ડીજે સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કરજણ ડિવિઝનના DYSP પી.એન. પટેલ સહિત પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તે સાથે પાદરા નગર પાલિકા માજી પ્રમુખ પરેશ ગાંધી, કારોબારી ચેરમેન સંતોષ પટેલ, સદસ્ય નરેશ અગ્રવાલ, વિજય ગોહિલ સહીત ગણેશ મંડળ ના આયોજકો પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરી સરકાર સામે સૂત્રોચ્ચાર

## પડતર પ્રશ્નો ઉકેલવા સંખેડા તાલુકા પંચાયતમાં ગ્રામસેવકોનું વિરોધ પ્રદર્શન

**પડતર** માંગણીઓ નહિ સ્વીકારાય તો ઉગ્ર આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) સંખેડા, તા.9

સંખેડા તાલુકા પંચાયત કચેરી ખાતે આજે ખેતીવાડી શાખાના ગ્રામસેવકોએ સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના આદેશથી સમગ્ર રાજ્યમાં ગ્રામસેવકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે તબક્કાવાર આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજે તા. 9 સપ્ટેમ્બર, 2026 ના રોજ સંખેડા તાલુકા પંચાયત કચેરીના ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરી હાથમાં પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન યોજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, ગ્રામસેવકોના પ્રમોશન, ઉચ્ચતર પગાર ધોરણ, ટેકનિકલ ગ્રેડ-પે, ખાલી જગ્યાઓ ભરવા સહિતના અનેક પ્રશ્નો લાંબા સમયથી પડતર છે. સરકારને અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા અંતે મહામંડળે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

સંખેડા તાલુકા પંચાયત ખાતે ફરજ બજાવતા ગ્રામસેવકોએ જણાવ્યું હતું કે, જો સરકાર વહેલી તકે અમારી પડતર માંગણીઓનો ઉકેલ નહીં લાવે તો આગામી દિવસોમાં પેન ડાઉન, માસ સીએલ સહિત ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આ વિરોધ પ્રદર્શનમાં સંખેડા તાલુકાના તમામ ગ્રામસેવક ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## મોભા નજીક નર્મદા કેનાલ પર બે બાઈક વચ્ચે અકસ્માત, યુવક સહિત ત્રણને ઈજા

**પાદરા** તાલુકાના જલાલપુરા-મોભા સ્ટેશન રોડ પર નર્મદા કેનાલ પાસે અકસ્માતની ઘટના

(પ્રતિનિધિ) પાદરા, તા. 9

પાદરા તાલુકાના મોભા નજીક જલાલપુરાથી મોભા સ્ટેશન તરફ જતા રોડ પર નર્મદા કેનાલ પાસે બે મોટરસાઈકલ વચ્ચે અકસ્માત સર્જાતા યુવક સહિત ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મોટરસાઈકલ ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ ગતરોજ બપોરના અરસામાં જલાલપુરાથી મોભા સ્ટેશન તરફ જતા રોડ પર નર્મદા કેનાલ પાસે મોભા ગામ તરફથી એક સ્પેલેન્ડર પ્લસ મોટરસાઈકલ નો ચાલક પુરઝડપે અને ગફલતભરી રીતે મોટરસાઈકલ હંકારી લાવી રહ્યો હતો. દરમિયાન તેની મોટરસાઈકલ ફરિયાદી આકાશભાઈ પિન્કુભાઈ વસાવાની મોટરસાઈકલ સાથે અથડાઈ હતી.

અકસ્મતમાં ફરિયાદી આકાશભાઈ વસાવાને માથાના પાછળના ભાગે સામાન્ય ઈજા થઈ હતી. જ્યારે અકસ્માત સર્જનાર મોટરસાઈકલ પર પાછળ બેઠેલી એક મહિલાને જમણા પગના ઘૂંટણના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. અકસ્માતમાં મોટરસાઈકલ ચાલકને પણ પગના ભાગે સામાન્ય ઈજા થઈ હતી.અકસ્મત બાદ સ્પેલેન્ડર પ્લસ મોટરસાઈકલનો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો અને તેનું નામ, સરનામું જાણવા મળ્યું ન હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે.

## બોડેલી સરપંચ સંઘે 16મા નાણાપંચની નવી ગાઈડલાઈન સામે વિરોધ નોંધાવ્યો

**DDOને** આવેદનપત્ર, ગ્રામ પંચાયતની સત્તા રૂ.10 લાખ કરવા માંગ



(પ્રતિનિધિ) બોડેલી, તા. 9

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં સરપંચ સંઘ દ્વારા સરકારના ૧૬મા નાણાપંચની નવી ગાઈડલાઈન સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. બોડેલી તાલુકા સરપંચ સંઘના પ્રમુખ ભગત ચિરાગકુમાર મુકેશભાઈ (વાલપરી જુથ ગ્રામ પંચાયત) ની આગેવાની હેઠળ તમામ સરપંચો દ્વારા જિલ્લા વિકાસ અધિકારી (DDO), છોટાઉદેપુરને એક આવેદનપત્ર પાઠવીને નવી ગાઈડલાઈનમાં તાત્કાલિક સુધારો કરવાની માગણી કરવામાં આવી છે.

સરકાર ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તાજેતરમાં ૧૬મા નાણાપંચ અંગે નવો ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. આ નવા નિયમો મુજબ ૧૬મા નાણાપંચની ગ્રાન્ટમાંથી તાલુકા અને જિલ્લા કક્ષાના આયોજનમાં ફરજિયાતપણે રૂ. 6 લાખથી વધુના જ કામો લેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરપંચ સંઘનો આક્ષેપ છે કે, ગામડાઓમાં રૂ. 5 લાખથી વધુ રકમના કામો માટે ટેન્ડર પ્રક્રિયા કરવી ફરજિયાત હોય છે. આ નવી નીતિના કારણે આયોજન અને વિકાસ કામોની પ્રક્રિયા અત્યંત લાંબી થઈ જશે, જેનાથી ગામડાના સ્થાનિક અને જરૂરી કામો સમયમર્યાદામાં પૂર્ણ નહીં થઈ શકે.

## બોડેલીમાં 'વંદેમાતરમ યુવા ઉદ્ઘોષ' અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

**વિદ્યાર્થીઓએ** 'વંદે માતરમ'ના પ્રથમ બે અંતરાઓનું સામૂહિક ગાન કરી રાષ્ટ્રપ્રેમનો સંદેશ આપ્યો



(પ્રતિનિધિ) બોડેલી, તા. 9

ભારતીય જનતા યુવા મોરચા દ્વારા ચાલી રહેલા "વંદેમાતરમ યુવા ઉદ્ઘોષ" અભિયાન અંતર્ગત જિલ્લા યુવા મોરચાની ટીમ દ્વારા બોડેલી સ્થિત શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને "વંદે માતરમ" ગીતનો ઈતિહાસ, તેનું રાષ્ટ્રીય મહત્વ, સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેની પ્રેરણાદાયક ભૂમિકા તેમજ ભારતના રાષ્ટ્રીય ગીત તરીકેના તેના ગૌરવપૂર્ણ સ્થાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે જ "વંદે માતરમ"ના પ્રથમ બે અંતરાઓનું સામૂહિક ગાન કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને તેના અર્થ તથા ભાવનાથી પરિચિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોના યોગદાન, સામાજિક જવાબદારી, રાષ્ટ્રપ્રેમ અને દેશસેવાના મૂલ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## વડોદરા જિલ્લામાં પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત 'પૌષ્ટિક વાનગી સ્પર્ધા' યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 9

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત, વડોદરા દ્વારા પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત વડોદરા (ગ્રામ્ય) જિલ્લામાં સફળતાપૂર્વક "પૌષ્ટિક વાનગી સ્પર્ધા-૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર જિલ્લાના ૧૧ ઘટક તેમજ ૫૭ સેજા કક્ષાએ યોજાયેલી આ સ્પર્ધામાં આંગણવાડી કાર્યકર બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પોષણયુક્ત વાનગીઓનું નિદર્શન કર્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ ટેક હોમ રાશન (THR) - બાલશક્તિ, માતૃશક્તિ, પૂર્ણાશક્તિ તેમજ સરગવો અને પોષકતત્વોથી સભર મિલેટ્સ (શ્રી અન્ન) જેવા કે બાજરી, જુવાર, રાગી, બંટી, કોદરી, મોરૈયો અને રાજગરાનો રોજિંદા આહારમાં ઉપયોગ વધારવાનો છે. સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સામગ્રીમાંથી ઓછા સમયમાં સરળતાથી બને અને બાળકો તથા પરિવારને ભાવે તેવી વૈવિધ્યસભર અને આરોગ્યપ્રદ વાનગીઓ કાર્યકર બહેનો દ્વારા રજૂ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આંગણવાડી કેન્દ્રો દ્વારા દર મહિને ૭ માસ થી ૩ વર્ષના બાળકોને 'બાલશક્તિ', સગર્ભા તથા ધાત્રી માતાઓને 'માતૃશક્તિ' અને ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને 'પૂર્ણાશક્તિ' પેકેટ્સ વિનામૂલ્યે આપવામાં આવે છે.

### સ્વચ્છ ભારત મિશન હેઠળ બાંધકામ, જાહેર ઉપયોગ અંગે પણ ઉઠ્યા પ્રશ્નો

## ખાનગી હોટલ નજીક રૂ. બે લાખના સામુહિક શૌચાલયના બાંધકામ સામે સવાલો

**ગોલા** ગામડીમાં હોટલ પાસે શૌચાલય મુદ્દે વીડિયો વાયરલ, TDO તપાસે પહોંચ્યા




(પ્રતિનિધિ) નસવાડી, તા.9

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ગોલા ગામની ચોકડી નજીક સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બનાવવામાં આવેલા સામુહિક શૌચાલયને લઈને વિવાદ સર્જાયો છે. ગોલા ગામથી વાઘોડિયા તરફ જવાના માર્ગ ઉપર આવેલી એક ખાનગી હોટલના કમ્પાઉન્ડને અડીને અંદાજે રૂ. બે લાખના ખર્ચે સામુહિક શૌચાલય બનાવવામાં આવ્યું હોવાના આક્ષેપો થયા છે. સમગ્ર મામલાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું અને સંખેડા તાલુકા વિકાસ અધિકારી સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, સંખેડા તાલુકા પંચાયત દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આ સામુહિક શૌચાલયનું બાંધકામ કરવામાં આવ્યું છે. જોકે, જે સ્થળે શૌચાલય બનાવવામાં આવ્યું છે ત્યાં આસપાસ માનવ વસ્તી ન હોવા અંગે સ્થાનિકો દ્વારા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. આ સ્થળ ખાનગી હોટલને અડીને આવેલું હોવાથી શૌચાલયના બાંધકામનો લાભ હોટલને મળતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

સરકારી ગ્રાન્ટમાંથી રૂ. બે લાખ જેટલી રકમ ફાળવીને સામુહિક શૌચાલય બનાવવામાં આવ્યું હોવાની માહિતી સામે આવ્યા બાદ હવે મુખ્ય સવાલ એ છે કે, જે સ્થળે માનવ વસ્તી જ નથી ત્યાં સામુહિક શૌચાલય બનાવવાની જરૂરિયાત ખરેખર હતી કે કેમ? તેમજ શૌચાલય માટે સ્થળ પસંદગી કરતી વખતે સ્થળ પર જઈને યોગ્ય ચકાસણી કરવામાં આવી હતી કે કેમ, તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

### વડુમાં બાઈક રોકી વેપારી પર લાકડીથી હુમલો, ત્રણ શખ્સો સામે મારામારી ગુનો

(પ્રતિનિધિ) પાદરા, તા. 9

પાદરા તાલુકાના વડુ ગામમાં બાઈક રોકી એક વેપારી સાથે મારામારી કરી લાકડીના ફટકા મારવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવાના બનાવમાં વડુ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ વડુ ગામે મોટી મસ્જિદ પાસે રહેતા અને વેપાર કરતા જાવિદભાઈ જુસબભાઈ મેમણ (ઉં.વ. 40) ગત રાત્રિના બાઈક લઈને વડુથી ડબકા તરફ જતા હતા. દરમિયાન માધવ હોસ્પિટલની સામે તેમના ઘર પાસે વારીશભાઈ હુસેનભાઈ સિંધા, આસીફભાઈ હુસેનભાઈ સિંધા અને રેહાન બયુમિયા સૈયદ ઉભા હતા. ફરિયાદ મુજબ ત્રણેય શખ્સોએ જાવિદભાઈનું બાઈક રોક્યું હતું. ત્યારબાદ વારીશભાઈએ તેમના ભાઈ યુસુફ અંગેની બાબતને લઈને જાવિદભાઈ સાથે બોલાચાલી કરી હતી.